રાજ્યનો પ્રથમ રબર ડેમ લગભગ તૈયાર

ડોલવણમાં અંબિકા નદી પરના ડેમની ઊંચાઈ સાડા ચાર મી., લંબાઈ 386 મી. છે, 3.5 MCM પાણીનો સંગ્રહ કરી શકાશે

વ્યારાઃ ડોલવણના પાઠકવાડી ગામે અંબિકા નદી પર રાજ્યનો સૌપ્રથમ એર ફિલ્ડ રબર રબર ડેમ બનાવવાની 90 ટકા કામગીરી પૂર્ણ થતાં ડેમનું નિર્માણકાર્ય પૂર્ણ થવાને આરે છે. આ રબર ડેમ આગામી દિવસોમાં આસપાસની 650 હેક્ટર જમીન માટે સિંચાઈનો ઉત્તમ સ્રોત બની રહેશે. ડોલવણના પાઠકવાડી ગામે અંબિકા નદી પર નિર્મિત કુલ સાડા ચાર મીટર ઊંચા આ ડેમની અંદાજિત કુલ લંબાઈ 386.78 મીટર છે, જેમાં 280 મીટર રબર ડેમ સહિત 106.78 મી અર્ધન ડેમ (એન.ઓ. એફ સેક્શન) નો સમાવેશ થાય છે. રબર ડેમ થકી અંદાજિત 964 ચો.કિ.મી. વિસ્તારમાં અંદાજિત 3.5 MCM પાણીનો સંગ્રહ કરવામાં આવશે.

ગત વર્ષે એપ્રિલ મહિનામાં રાજ્ય સરકારનાં મંત્રી કુંવરજી બાવળિયાએ આ એર ફિલ્ડ રબર ડેમનું ખાતમુહૂર્ત કર્યું હતું. ત્યારે ડેમની નિર્માણની 30 મહિનાની ડેડલાઈન પહેલાં જ રબર ડેમનું 90 ટકા કામ પુર્ણ થઈ ચૂક્યું છે ત્યારે રબર ડેમનું નિર્માણકાર્ય પુર્ણ થવાને આરે આવીને ઊભું છે. જે આગામી એક-બે મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. ત્યારબાદ ડેમમાં નિયમિત રીતે પાણીનો સંગ્રહ કરવામાં આવશે. કુલ રૂપિયા 79.92 કરોડના ખર્ચે તૈયાર થયેલ 4.5 મીટર (14.15 ફૂટ) ઊંચા અને 5 કિમી વિસ્તારમાં અંદાજિત 3.5 MCM પાણીની સંગ્રહ ક્ષમતા ધરાવતા આ એર ફિલ્ડ રબર ડેમ પાસે એક કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવશે. જ્યાંથી પાંચ વર્ષ સુધી ડેમનું મેઈન્ટેનન્સ સહિત સંપૂર્ણ સંચાલન યૂઈલ એન્વાયરોટેક કંપની દ્વારા કરવામાં આવશે. અંદાજિત 30 વર્ષ ડેમનું આયુષ્ય હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે પાઠકવાડી, ઉમરવાવ દૂર સિંધાઈ, ઉનાઈ, ઢોડિયાવાડ સહિત અંબિકા નદીના બંને કાંઠાનાં સાતેક ગામોમાં ખેડૂતોને સિંચાઈ માટે આગામી વર્ષોમાં સિંચાઈ માટે બારેમાસ પાણી ઉપલબ્ધ થશે. તેમ વ્યારા સિંચાઈ વિભાગ વેર 2નાં મદદનીશ ઈજનેર વિપુલ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

જરૂરિયાત પ્રમાણે રબર ડેમમાં હવા ભરીને વરસાદી પાણીનો સંગ્રહ અને નિકાલ કરાશે

ગુજરાતમાં પહેલી વખત બની રહેલા આ એર ફિલ્ડ રબર ડેમ જે હવાથી ભરેલા રબર ડેમ તરીકે ઓળખાય છે. જે સ્ટીક ગેટેડ એરફિલ્ડ રબર ડેમનો ઉત્તમ વિકલ્પ હોય ડેમના નિર્માણ કાર્યમાં એક ખાસ પ્રકારના કુત્રિમ રબરનો ઉપયોગ કરી લંબગોળ માળખું તૈયાર કરીને તેને કોંક્રીટના બેઝ સાથે જોડવા આવ્યો છે. ડેમનું નિર્માણકાર્ય પૂર્ણ થતાં તેમાં હવા ભરી ઇન્ફ્લેટ કરી વિયર ઊભો કરવામાં આવશે. અને જરૂરિયાત મુજબ ડેમમાં ખાસ કરીને વરસાદી પાણીનો સંગ્રહ તેમજ નિકાલ કરવામાં આવશે.

અંબિકા નદીના બંને કિનારાનાં 7 જેટલાં ગામોના ખેડૂતોને સિંચાઈનો સીધો લાભ મળશે

અંબિકા નદી પર રબર ડેમ બનતા નદી તટના ખેડૂતોને સિંચાઈ માટે સીધો લાભ મળશે. આ પહેલાં આ વિસ્તારમાં દર વર્ષે ઉનાળામાં પાણીની સમસ્યા ઊભી થતી હોય છે અને ખેડૂતો ઉનાળુ ડાંગર તેમજ શેરડી સહિતનો રોકડિયો પાક લઈ શકતા ન હતા. જો કે, રબર ડેમ થકી અંબિકા નદીની આસપાસના વિસ્તારોમાં ખેડૂતો હવે ઉનાળુ ડાંગર તેમજ શેરડી સહિતના અન્ય પાકો પણ લઈ શકશે તેમજ ડેમને કારણે આસપાસના ભૂગર્ભ જળની સપાટી પણ ઉપર આવશે ત્યારે હાલ 400-500 ફૂટ બોર કરવા છતાં કેટલાક વિસ્તારોમાં પાણી લાગતું નથી ત્યારે ડેમને કારણે ભૂગર્ભ જળનું સ્તર ઉપર આવશે. જેને કારણે કૂવા, બોર સહિતના જળ સ્રોતમાં પણ પાણીનું સ્તર ઉપર આવશે. આ ઉપરાંત ડોલવણ સહિત કાકડવા, કોસમકૂવા, પાટી સહિતના સૂકા રહેતાં ગામોમાં રબર ડેમમાંથી લિફ્ટ કરીને પાણી પહોંચાડવામાં ઉપયોગી પુરવાર થશે તેમ પાઠકવાડી ગામનાં મહિલા સરપંચ નીલમ ચૌધરીએ જણાવ્યું હતું.

સુરત જિલ્લામાં જમીન દફ્તર સેવાઓ હવે ઘરઆંગણે

જમીન માપણીથી લઈને પ્રોપર્ટી કાર્ડ સુધીનાં કામો સ્થાનિક સ્તરે થશે

જિલ્લા કચેરીના બદલે તાલુકા કક્ષાએ નવી ILR કચેરીઓ શરૂ થઈ

સુરતઃ સુરત જિલ્લાના નાગરિકોને જમીન સંબંધિત સેવાઓ માટે હવે જિલ્લા કક્ષાની કચેરી સુધી ધક્કા ખાવાની જરૂર નહીં રહે. જમીન દફ્તર ખાતાની જિલ્લા કક્ષાની કામગીરીનું તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કરાયું છે. હવે જમીન માપણી, રિ-સરવે, પ્રોપર્ટી કાર્ડ, હક્કપોક્સી, નામ દાખલ-ફેરફાર, વહેંચણી સહિતની વિવિધ સેવાઓ અરજદારોને પોતાના તાલુકા મથકે જ ઉપલબ્ધ બનશે. નવી વ્યવસ્થા હેઠળ જમીન દફ્તર નિરીક્ષક, વર્ગ-૨ના નવા સંવર્ગની રચના કરવામાં આવી છે. તાલુકા સ્તરે અલગ કચેરીઓ કાર્યરત કરવામાં આવી છે.

ગ્રામ્ય તાલુકાઓમાં પણ સ્થાનિક સ્તરે સેવા

અડાજણ તાલુકાની કચેરી પાલ સ્થિત સિટી પ્રાંત (ઉત્તર) મહેસુલી ભવનમાં કાર્યરત છે. ઓલપાડ તાલુકાની કચેરી તાલુકા સેવા સદનના બીજા માળે, કામરેજ તાલુકાની કચેરી નવાગામ સ્થિત તાલુકા સેવા સદન ખાતે અને પલસાણા તાલુકાની કચેરી મામલતદાર કચેરી નજીક કાર્યરત છે. બારડોલી તાલુકાની કચેરી તાલુકા સેવા સદનના બીજા માળે શરૂ કરવામાં આવી છે. મહુવા અને અંબિકા તાલુકાની સંયુક્ત ILR કચેરી મહુવા તાલુકા સેવા સદનમાં કાર્યરત છે. માંડવી તાલુકાની કચેરી જૂની પ્રાંત કચેરી ખાતે, માંગરોળ તાલુકાની કામગીરી મોસાલી તાલુકા સેવા સદનમાંથી, ઉમરપાડા તાલુકાની કચેરી બિરસા મુંડા સાંસ્કૃતિક ભવનમાંથી તેમજ અરેઠ તાલુકાની ILR કચેરી ગુરુકૃપા હાઉસિંગ સોસાયટી ખાતે કાર્યરત કરવામાં આવી છે.

તાલુકાની કઈ કચેરી ક્યા આવી?

કતારગામ તાલુકાની કચેરી નાનપુરા બહુમાળીના એ-બ્લોકના સાતમા માળે, અઠવા તાલુકાની કચેરી એ-બ્લોકના સાતમા અને આઠમા માળે, પુણા તાલુકાની કચેરી છઠ્ઠા માળે કાર્યરત છે. જ્યારે મજૂરા તાલુકાની કચેરી સી-બ્લોકના આઠમા માળે, ઉધના તાલુકાની કચેરી સાતમા માળે અને ચોર્યાસી તાલુકાની કચેરી સી-બ્લોકના પ્રથમ માળે કામગીરી કરી રહી છે.

રૂ. 84 કરોડના ખર્ચે કામરેજનું સૌથી મોટું વીજ સબસ્ટેશન ખોલવડ-ભાદામાં બનશે

24 હજાર ચો.મી. જગ્યાનો કબજો લેવાયો, જેટકો દ્વારા એક વર્ષમાં તૈયાર કરી દેવામાં આવશે

સુરત, કામરેજઃ કામરેજના ખોલવડ-ભાદા વિસ્તારનો ઝડપથી થઈ રહેલા રહેણાંક અને ઔદ્યોગિક વિકાસને પગલે આ વિસ્તારમાં કામરેજના સૌથી મોટા વીજમાળખાકીય આયોજનમાં રાજ્ય સરકાર દ્વારા આ વિસ્તારની વર્તમાન અને ભવિષ્યની વીજ જરૂરિયાતોને પહોંચી વળવા માટે રૂ.84 કરોડના ખર્ચે ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO) દ્વારા નવું સબ સ્ટેશન સ્થાપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પ્રોજેક્ટ માટે જરૂરી ૨૪,૦૦૦ ચોરસ મીટર જમીનનો કબજો મેળવી લેવાયો છે અને આગામી એક વર્ષમાં સબ સ્ટેશન કાર્યરત કરવાનું આયોજન છે.

રાજ્યના આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ખોલવડ અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા પ્રમાણમાં રહેણાંક યોજનાઓ અને ઔદ્યોગિક એકમો વિકસ્યા છે. આગામી વર્ષોમાં પણ આ વિસ્તારનો વિકાસ વધુ ગતિ પકડશે. આવી સ્થિતિમાં વીજ પુરવઠા પર વધનારા ભારને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આગોતરું આયોજન કર્યું છે. જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ થતાં હવે સબ સ્ટેશનના નિર્માણ માટેનો માર્ગ મોકળો બન્યો છે. નવા સબ સ્ટેશનના નિર્માણ બાદ ખોલવડ, ભાદા અને આસપાસના વિસ્તારોમાં વીજ લોડની સમસ્યા દૂર થશે અને નવા ગ્રાહકોને સરળતાથી જોડાણ આપી શકાશે.

ભવિષ્યમાં વધુ એક સબ સ્ટેશનનું પણ આયોજન ચાલી રહ્યું છે

આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે વિસ્તારનો વિકાસ જે ઝડપે થઈ રહ્યો છે, તેને ધ્યાનમાં રાખીને GETCO સાથે વધુ એક 66 કે.વી. અથવા 220 કે.વી. ક્ષમતાનું સબ સ્ટેશન સ્થાપવાની સંભાવનાઓ અંગે પણ વિચારણા ચાલી રહી છે.

VNSGUમાં સૌથી વધુ ૫૧,૯૨૭ વિદ્યાર્થીનો સ્નાતકમાં પ્રવેશ

ગુણવત્તાયુક્ત શિક્ષણ, આધુનિક કોર્સ અને પ્લેસમેન્ટના કારણે દક્ષિણ ગુજરાતનું શિક્ષણ હબ વધુ મજબૂત

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ વર્ષ ૨૦૨૬-૨૭ની સ્નાતક કક્ષાની પ્રવેશ પ્રક્રિયામાં રાજ્યભરમાં સૌથી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપીને વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. યુનિવર્સિટીમાં આ વર્ષે કુલ ૫૧,૯૨૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે, જે રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટીઓમાં સૌથી વધુ છે.

રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગના પ્રવેશ આંકડાઓ મુજબ બીજા ક્રમે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં ૫૦,૬૬૧, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૩૯,૨૦૯ અને ગુજરાત યુનિવર્સિટીમાં ૩૮,૦૭૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. આ સરખામણીમાં VNSGU રાજ્યમાં પ્રથમ સ્થાને રહી છે.

અનેક પ્રોફેશનલ કોર્સ પણ ઉપલબ્ધ છે

યુનિવર્સિટી અને તેની સંલગ્ન કોલેજોમાં આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, મેનેજમેન્ટ, કમ્પ્યુટર એપ્લિકેશન અને લો જેવા પરંપરાગત અભ્યાસક્રમો ઉપરાંત નવી પેઢીની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અનેક પ્રોફેશનલ કોર્સ પણ ઉપલબ્ધ છે. BA, B.Com, B.Sc, BBA, BCA અને LL.B જેવા કોર્સમાં દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે. આ ઉપરાંત ઇન્ફોર્મેશન ટેક્નોલોજી (IT), બાયોટેક્નોલોજી, ફાઇન આર્ટ્સ, પરફોર્મિંગ આર્ટ્સ, ઇન્ટિગ્રેટેડ એચ.આર.ડી., બિઝનેસ ઇકોનોમિક્સ સહિતના રોજગારલક્ષી અભ્યાસક્રમોએ પણ વિદ્યાર્થીઓમાં વિશેષ આકર્ષણ ઊભું કર્યું છે.

વેસ્ટર્ન રેલવેના કેલવે રોડ સ્ટેશન પર મેગા બ્લોક

14-15 જુલાઈએ વંદે ભારત, તેજસ સહિત અનેક ટ્રેનો પ્રભાવિત થશે

ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ અને કવચ સિસ્ટમ શરૂ કરવાની કામગીરીને પગલે બ્લોક

સુરતઃ વેસ્ટર્ન રેલવે દ્વારા વિરાર-દહાણુ રોડ (ફેઝ-1) લાઈનના ચાર ટ્રેક કરવાના પ્રોજેક્ટ અંતર્ગત કેલવે રોડ સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ અને કવચ સિસ્ટમ શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ માટે 14 અને 15 જુલાઈ, 2026 ના રોજ પ્રિ-નોન-ઈન્ટરલોકિંગ અને નોન-ઈન્ટરલોકિંગ બ્લોક લેવામાં આવશે. વેસ્ટર્ન રેલવેના ચીફ પબ્લિક રિલેશન્સ ઓફિસર વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, 14 જુલાઈએ સાંજે 4 થી સાડા 5 વાગ્યા સુધી અને 15 જુલાઈએ સવારે 8:10થી 11:10 વાગ્યા સુધી આ બ્લોક રહેશે. આ સમયગાળા દરમિયાન મુંબઈ સબર્બન (લોકલ) અને અનેક મેઈલ/એક્સપ્રેસ ટ્રેનોના શિડ્યુલને અસર થશે.

14 જુલાઈના રોજ મોડી ચાલનારી ટ્રેનો

» મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ (22961): 25 મિનિટ મોડી ચાલશે. » મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ તેજસ એક્સપ્રેસ (82901): 25 મિનિટ મોડી ચાલશે. » હઝરત નિઝામુદ્દીન - મુંબઈ સેન્ટ્રલ તેજસ એક્સપ્રેસ (12954): 30 મિનિટ મોડી ચાલશે. » ઈન્દોર - તિરુવનંતપુરમ નોર્થ એક્સપ્રેસ (20932): 1 કલાક અને 45 મિનિટ મોડી ચાલશે. » ભુજ - બાંદ્રા ટર્મિનસ કચ્છ એક્સપ્રેસ (22956): 1 કલાક અને 50 મિનિટ મોડી ચાલશે. » જોધપુર - બાંદ્રા ટર્મિનસ સૂર્યનગરી એક્સપ્રેસ (12479): 1 કલાક અને 30 મિનિટ મોડી ચાલશે. » શ્રી ગંગાનગર - દાદર એક્સપ્રેસ (12489): 30 મિનિટ મોડી ચાલશે.

15 જુલાઈના રોજ મોડી ચાલનારી ટ્રેનો

» અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ (22962): 1 કલાક મોડી ચાલશે. » અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ કર્ણાવતી એક્સપ્રેસ (12934): 40 મિનિટ મોડી ચાલશે. » અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ ડબલ ડેકર (12932): 30 મિનિટ મોડી ચાલશે. » સુરત - મુંબઈ સેન્ટ્રલ ફ્લાઇંગ રાણી એક્સપ્રેસ (12922): 25 મિનિટ મોડી ચાલશે. » અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ તેજસ એક્સપ્રેસ (82902): 25 મિનિટ મોડી ચાલશે. » બાંદ્રા ટર્મિનસ - ઉધના સ્પેશિયલ (09055): 40 મિનિટ મોડી ચાલશે. » દાદર - પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ (19015): 30 મિનિટ મોડી ચાલશે. » બોરીવલી - વલસાડ MEMU (69139): 25 મિનિટ મોડી ચાલશે. » આ ઉપરાંત દહાણુ રોડ - ચર્ચગેટ (93202), દહાણુ રોડ - બોરીવલી (93010) અને ચર્ચગેટ - દહાણુ રોડ (93009) લોકલ ટ્રેનો 25-25 મિનિટ મોડી ચાલશે.

શોર્ટ ટર્મિનેટ અને શોર્ટ ઓરિજિનેટ થનારી ટ્રેનો (15 જુલાઈ)

» ટ્રેન નં. 19002 સુરત - વિરાર એક્સપ્રેસ પાલઘર સ્ટેશન સુધી જ દોડશે (ત્યાં જ ટર્મિનેટ થશે) » ટ્રેન નં. 61002 ડોમ્બિવલી - બોઈસર MEMU વસઈ રોડ સ્ટેશન પર જ ટર્મિનેટ થશે. » ટ્રેન નં. 59039 વિરાર - વલસાડ ટ્રેન વિરારના બદલે પાલઘર સ્ટેશનથી ઉપડશે (શોર્ટ ઓરિજિનેટ).

હવેથી હું હવામાનની આગાહી નહીં કરું: અંબાલાલ પટેલ

વરસાદ, વાવાઝોડું, કડકડતી ઠંડી અને ધોમધખતા તાપ માટે અત્યાર સુધી સચોટ આગાહી કરી ચૂક્યા છે

લોકો તરફથી પૂરતું સમર્થન મળશે તો આગાહી કરીશ, હાલ આગાહી કરવાનું મોકૂફ રાખ્યું છે: અંબાલાલ

સુરતઃ પરંપરાગત પદ્ધતિ અને વૈદિક જ્ઞાન મુજબ વરસાદ, વાવાઝોડું, કડકડતી ઠંડી અને ધોમધખતા તાપ વિશે અનેક આગાહી કરી ચૂકેલા અંબાલાલ પટેલે હાલ પૂરતું આગાહી કરવાનું મોકૂફ રાખ્યું હોવાનો નિર્ણય કર્યો છે.

વિજ્ઞાન જાથાના આક્ષેપ બાદ વિવાદ ખડો કરવાના બદલે જ્યાં સુધી લોકોનું પૂરતું સમર્થન ન સાંપડે ત્યાં સુધી આગાહી કરવાથી પોતે અળગા રહેવા માગે છે તેમ તેમણે કહ્યું હતું.

તાજેતરમાં વિજ્ઞાન જાથાએ એવી વાત કરી હતી કે અંબાલાલ પટેલ દ્વારા કરાતી આગાહી લોકોને છેતરનારી છે. આ વાતને કેન્દ્રમાં રાખી વાદ વિવાદ ખડો કરવાનું ટાળી અંબાલાલ પટેલે વરસાદની આગાહી કરવાનું મોકૂફ રાખ્યું છે. તેમણે કહ્યું કે, વિજ્ઞાન જાથા દ્વારા કરવામાં આવેલા આક્ષેપો દુઃખ પહોંચાડનારા છે. આ આક્ષેપો માત્ર વ્યક્તિ સામે નહીં પણ પરંપરાગત વૈદિક જ્ઞાન અને ઋષિમુનિઓના જ્ઞાન પર કુઠારાઘાત સમાન છે.

વિવાદો કરતા સમાજ કલ્યાણે વધુ મહત્ત્વ આપતા અંબાલાલ પટેલે કહ્યું કે લોકો તરફથી પૂરતું સમર્થન સાંપડશે ત્યારે આગાહી કરશે. હાલ પૂરતું આગાહી કરવાનું મોકૂફ રાખ્યું છે.

સુમુલ ચૂંટણીઃ 9 બેઠક માટે 21 ઉમેદવાર, 15મીએ મતદાન થશે

જેની પર મતદાન થશે તેમાં નિઝર, સોનગઢ, મહુવા, વ્યારા બેઠક પરનો ચૂંટણી જંગ રોચક રહેશે

ચૂંટણીમાં 710 મતદાર પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરશે

સુરતઃ ધી સુરત અને તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી (સુમુલ ડેરી) ની 9 બેઠકોનો ચૂંટણી જંગ રોચક બન્યો છે. કુલ 16 બેઠકો પૈકી 7 બેઠકો પર ભાજપ પ્રેરિત ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે. અને 3 સરકાર નિયુક્ત બેઠકો જોતાં ચૂંટણી લડ્યા વિના જ ભાજપે સુમુલ ડેરીના બોર્ડ પર સત્તા મેળવી લીધી છે.

જોકે9 બેઠક પૈકી નિઝર, સોનગઢ, મહુવા,વ્યારા બેઠક પરનો ચુંટણી જંગ રોચક બન્યો છે. અહીં ભાજપ પ્રેરિત ઉમેદવારોને જીતવા માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. ચૂંટણી સુરત અને તાપી જિલ્લાનાં 2.50 લાખ પશુપાલકો 6,600 કરોડનું ટર્નઓવર ધરાવતી સુમુલ ડેરીની ચૂંટણી કોંગ્રેસ મુક્ત કે વિપક્ષ મુક્ત બનશે કે, કેમ એને લઈ ચર્ચા એ જોર પકડ્યું છે.મંડળી દ્વારા નિયુક્ત મતદારોને રીઝવવા ડિનર ડિપ્લોમસી ચાલી રહી છે.

બપોરે અને રાતે રસોડા રાખી ઉમેદવારો મતદારોને રીઝવી રહ્યાં છે.9 બેઠકો પર કુલ 21 ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ છેડાયો છે. એમાં ઓલપાડ, મહુવા, કુકરમુંડા, ડોલવણ અને નિઝર બેઠક પર ભાજપના બળવાખોર ઉમેદવારોને લીધે ચૂંટણી રસપ્રદ બની છે. 15 જુલાઈએ જે તે તાલુકા મથકના મતદાન કેન્દ્રમાં સવારે 9 થી સાંજે 4 વાગ્યા સુધી મતદાન થશે. મુખ્ય ચૂંટણી જંગ ભાજપ સમર્થિત ઉમેદવારો સામે કોંગ્રેસ અને બળવાખોર પશુપાલક હિતરક્ષક સમિતિના ઉમેદવારો વચ્ચે સીધો અથવા ત્રિકોણીય મુકાબલો છે.વ્યારા અને મહુવા બેઠક પર ચાર, ચાર ઉમેદવારો મેદાનમાં હોવાથી સૌથી વધુ રસાકસીભર્યો જંગ છે, જ્યારે કુકરમુંડા બેઠક પર ત્રિકોણીય મુકાબલો છે. અન્ય બેઠકો પર ભાજપ અને કોંગ્રેસ સમર્થિત ઉમેદવારો વચ્ચે સીધી ટક્કર જોવા મળશે.

સુમુલની ચૂંટણીમાં 9 બેઠકો માટે કુલ 710 મતદારો પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં સોનગઢ બેઠકમાં સૌથી વધુ 176 મતદારો, ત્યારબાદ માંડવી બેઠકમાં 129 મતદારો નોંધાયેલા છે, જ્યારે વ્યારામાં 80, મહુવામાં 65, ઉમરપાડામાં 61, ડોલવણમાં 53, નિઝરમાં 51, કુકરમુંડામાં 43 અને ઓલપાડમાં 42 મતદારો પોતાના મતદાનનો ઉપયોગ કરશે.

લિંબાયતમાંથી સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ કરનાર યુવાનને ૨૦ વર્ષની કેદ

સગીરાના પરિવારે હાઇકોર્ટમાં હેબિયસ કોર્પસની અરજી કરતાં પોલીસ શોધી લાવી હતી

સગીરા ગર્ભવતી બનતા કાનૂની મંજૂરી બાદ તેનો ગર્ભપાત કરાયો હતો

સુરતઃ સગીરા યુવતીનું અપહરણ કરી તેની સાથે વારંવાર દુષ્કર્મ આચરવાના કેસમાં લિંબાયતનાં 20 વર્ષીય દેવેન્દ્ર બબલુ કોળીને સ્પેશિયલ પોક્સો કોર્ટનાં જજ હિતેષકુમાર મુકુંદરાય વ્યાસે દોષિત ઠેરવી ૨૦ વર્ષની કેદની સજા ફટકારી હતી. તેમજ ૯૫ હજારનો દંડ કર્યો હતો. ચુકાદા વખતે આરોપી હાજર નહીં હોય કોર્ટે આરોપી વિરુદ્ધ ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું હતું. આ કેસની હકીકત મુજબ તા. ૨૪મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ લિંબાયત વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય સગીરા ઘરેથી ગુમ થઈ હતી. પરિવારજનો દ્વારા લિંબાયત પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે નહીં શોધતા હાઈકોર્ટમાં હેબિયસ કોર્પસની અરજી કરાઈ હતી. જે બાદ પોલીસ શોધી લાવી હતી. સગીરાને આરોપી દ્વારા માર પણ મરાયો હતો. ફરિયાદ પક્ષે સરકારી વકીલ વિશાલ ફળદુ કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી દેવેન્દ્ર બબલુ કોળીને ૨૦ વર્ષની સજા ફટકારી હતી.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ખાડીઓનું સ્કેનિંગ...

સામે આવ્યું છે, જેના કારણે વરસાદી પાણીના કુદરતી પ્રવાહમાં અવરોધ ઊભો થઈ બેકવોટરની સ્થિતિ સર્જાય છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં ખાડીઓ કુદરતી રીતે પહોળી પણ થઈ હોવાનું નોંધાયું છે.

મનપા દ્વારા તૈયાર થનારી ડિજિટલ ડેટાબેંકમાં ખાડીની હદમાં અથવા કિનારે આવેલા તમામ બાંધકામોની માહિતી સામેલ કરવામાં આવશે. ટેકનોલોજીની મદદથી કાયદેસર અને ગેરકાયદે બાંધકામોની અલગ ઓળખ કરવામાં આવશે. જે બાંધકામો ખાડીના કુદરતી વહેણમાં અવરોધરૂપ બનતા હશે અને નિયમોનો ભંગ કરતા હશે, તેમની સામે ડિમોલિશન સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે. મનપાના અધિકારીઓના જણાવ્યા મુજબ આ અભ્યાસ માત્ર દબાણો દૂર કરવા પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ ભવિષ્યમાં ખાડીઓની ક્ષમતા વધારવા, જરૂરી હોય ત્યાં એન્જિનિયરિંગ સુધારા કરવા, રિટેનિંગ વોલ અને અન્ય ફ્લડ મેનેજમેન્ટ પ્રોજેક્ટ માટે પણ માર્ગદર્શક બનશે. ઐતિહાસિક GIS ડેટા અને આધુનિક સેટેલાઇટ ટેકનોલોજીના સમન્વયથી શહેરની પાંચેય ખાડીઓનું વૈજ્ઞાનિક ડિજિટલ પ્રોફાઇલ તૈયાર થઈ રહ્યું છે, જે ભવિષ્યમાં પૂર નિયંત્રણ માટે મહત્વપૂર્ણ આધારરૂપ બનશે.

મધ્યમ વર્ગને...

ભાવના કારણે સુરતના શાકભાજી બજારમાં મોંઘવારીનો માર વધુ તીવ્ર બન્યો છે. આગામી પખવાડિયામાં શ્રાવણ અને તહેવારોની મોસમ શરૂ થવાની હોવાથી માંગમાં વધારો થવાની શક્યતા વચ્ચે શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. પરિણામે સામાન્ય પરિવારો, ખાસ કરીને મધ્યમવર્ગ અને શ્રમજીવી પરિવારોના રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે.

શાકભાજી વેપારીઓના જણાવ્યા મુજબ સતત વરસાદને કારણે પાકને નુકસાન થયું છે અને બજારમાં આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. બીજી તરફ ડીઝલના વધેલા ભાવને કારણે ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ વધી ગયો હોવાથી ખેડૂતો પાસેથી ખરીદાતું શાકભાજી ગ્રાહકો સુધી પહોંચતાં વધુ મોંઘું પડી રહ્યું છે. ગરમી અને ભેજના કારણે શાકભાજી ઝડપથી બગડતું હોવાથી વેપારીઓને પણ નુકસાન સહન કરવું પડે છે. હાલમાં સામાન્ય દિવસોમાં રૂ.100 પ્રતિ કિલો મળતા ટમેટાં રૂ.300 સુધી પહોંચી ગયા છે, જ્યારે રૂ.80માં મળતી કોથમીર રૂ.250 પ્રતિ કિલો વેચાઈ રહી છે. આદુના ભાવમાં પણ જંગી વધારો નોંધાયો છે. અગાઉ રૂ.40 પ્રતિ કિલો મળતું આદુ હાલમાં રિટેલમાં રૂ.300 અને સેમી હોલસેલમાં રૂ.200 પ્રતિ કિલોના ભાવે મળી રહ્યું છે. લસણના ભાવ રૂ.260થી રૂ.325 પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે.

ગૃહિણીઓનું કહેવું છે કે અગાઉ જે રકમમાં એક અઠવાડિયાનું શાકભાજી અને કરિયાણું આવી જતું હતું, તે જ વસ્તુઓ માટે હવે નોંધપાત્ર વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે. લોટ, કઠોળ, ખાદ્ય તેલ, મસાલા તેમજ ફળોના ભાવ પણ વધતાં ઘરખર્ચનું સંતુલન જાળવવું મુશ્કેલ બન્યું છે. તહેવારો નજીક આવતા ભાવમાં હજુ વધુ વધારો થવાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

વેપારીઓનું કહેવું છે કે આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ સામાન્ય બનશે અને બજારમાં આવક વધશે તો જ ભાવમાં રાહત મળવાની શક્યતા છે. ત્યાં સુધી ગ્રાહકોને મોંઘવારીનો બોજ સહન કરવો પડશે.

સુરતમાં...

પાયો વર્ષ ૧૯૪૧માં હિન્દુ મિલન મંદિર દ્વારા નંખાયો હતો. સમયાંતરે ગણેશોત્સવમાં વધતા વિવિધ દૂષણોને દૂર કરવા હિન્દુ મિલન મંદિરના અધ્યક્ષ સ્વામી અંબરીશાનંદજીએ 'શ્રી ગણપતિ ઉત્સવ સમિતિની સ્થાપના કરી હતી. સમિતિ દ્વારા પર્યાવરણ પ્રેમી માટીની પ્રતિમાની સ્થાપનાનું વ્યાપક જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જે આજે પણ સતત ચાલુ છે. હવે હિન્દુ મિલન મંદિરે ગણેશોત્સવમાં વધુ એક પર્યાવરણલક્ષી નિર્ણય લીધો છે. આ વર્ષથી માટીની પ્રતિમાના સ્થાને ધાતુની શ્રી ગણેશજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવશે.

આ પ્રતિમાની વર્ષો સુધી નિયમિત પૂજા-અર્ચના કરી શકાશે અને દર વર્ષે નવી પ્રતિમા બનાવવાની તથા તેના વિસર્જનની જરૂર રહેશે નહીં. આ નિર્ણયથી પર્યાવરણના સંરક્ષણને નોંધપાત્ર પ્રોત્સાહન મળશે. સાથે જ ગણેશ વિસર્જન દરમિયાન નદી-તળાવો પર પડતો બોજ ઘટશે, વિસર્જન ઘાટો પર થતી ભીડમાં ઘટાડો થશે તેમજ શહેરમાં સર્જાતી ટ્રાફિક સમસ્યામાં પણ રાહત મળશે. હિન્દુ મિલન મંદિર તરફથી સુરત શહેરના તમામ જાહેર ગણેશોત્સવ આયોજકોને પણ આ નવી દિશામાં વિચારવા અપીલ કરવામાં આવી છે. વધુમાં વધુ મંડળો ધાતુની શ્રી ગણેશ પ્રતિમાની સ્થાપના અપનાવશે તો પર્યાવરણનું જતન, વિસર્જન વ